सत्यमेव जयते

GOVERNMENT OF GUJARAT

**LEGAL DEPARTMENT**

# Bombay Act. No. III of 1947

# The Bombay Home Guards Act.1947

[ *As modified upto 31st December* ]

ગુજરાત સરકાર

**કાયદા વિભાગ**

# સન ૧૯૪૭નો મુંબઇ અધિનિયમ ક્રમાંક ૩

# મુંબઇ હોમગાર્ડ અધિનિયમ, ૧૯૪૭

[સન ૧૯૭૭ના ડીસેમ્બર મહિનાની ૩૧મી તારીખ સુધી સુધાર્યા પ્રમાણે]

**BOMBAY ACT.NO.III OF 1947**

**( THE BOMBAY HOME GUARDS ACT.1947)**

[22nd March, 1947]

**સને ૧૯૪૭નો મુંબઇ અધિનિયમ ક્રમાંક ૩.**

**(મુંબઇ હોમગાર્ડ અધિનિયમ ૧૯૪૭)**

[૨૨મી માર્ચ, ૧૯૪૭]

સને ૧૯૫૦નાં મુંબઇના ૧૧માં અધિનિયમથી સુધારેલો.

કાયદા સુસંગતીકરણ હુકમ,૧૯૫૦થી સુધારેલો.

સન ૧૯૫૪નાં મુંબઇનાં ૪થા અધિનિયમથી સુધારેલો.

મુંબઇ રાજય અને સમવર્તી વિષયોને લગતા કાયદો સુસંગતીકરણ હુકમ, ૧૯૫૬થી સુધારેલો.

સન ૧૯૫૮નાં મુંબઇનાં ૭૫મા અધિનિયમથી સુધારેલો.

ગુજરાત રાજય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ,૧૯૬૦થી સુધારેલો.

**હોમગાર્ડની રચનાની જોગવાઇ કરવા બાબત અધિનિયમ.**

૨[મુંબઇ રાજયમાં] કટોકટીનાં પ્રસંગે ઉપયોગ અર્થે અને બીજા હેતુઓ માટે એક સ્વૈચ્છિક દળની જોગવાઇ કરવી ઇસ્ટ છેઃ આથી નીચે પ્રમાણે અધિનિયમ કરવામાં આવે છે.;-

---

૧ ઉદેશો અને કારણો માટે સન ૧૯૪૭નું મુંબઇનું સરકારી રાજપત્ર ભાગ ૫મો, પાનુ ૨૫મું જુઓ, વિધાનસભાની કાર્યવાહીઓ માટે સને ૧૯૪૭ની મુંબઇની વિધાનસભા ચર્ચાઓ પુસ્તક ૧૦ મું જુઓ , અને પરિષદની કાર્યવાહીઓ માટે સને ૧૯૪૭ની મુંબઇની વિધાન પરિષદની ચર્ચાઓ પુસ્તક ૧૨મું જુઓ.

સન ૧૯૫૮ નાં મુંબઇનાં ૭૫ મા અધિનિયમની કલમ ૮નીચે પ્રમાણે છે –

- "૮ મધ્ય પ્રાંત અને વરાડનો હોમગાર્ડ અધિનિયમ,૧૯૪૭ અને સૌરાષ્ટ્રનો રાજય હોમગાર્ડ વટહુકમ , ૧૯૪૮આથી રદ કર્યો છે. :

**સન ૧૯૪૭નો મધ્ય પ્રાંત અને વરાડનો ૧૫મો. સને ૧૯૪૮નો સૌરાષ્ટ્ર વટ હુકમ ૧૭મો.**

પરંતુ એવી રીતે રદ કરવાથી

(ક) એવી રીતે રદ કરેલા કાયદનાં પૂર્વઅમલને ; અથવા

(ખ) એવી રીતે રદ કરેલા કાયદની કોઇપણ જોગવાઇઓ વિરુધ્ધ કરવામાં આવેલા કોઇપણ ગુનાનાં સંબધમાં થયેલા કોઇપણ દંડ , જપ્તી અથવા શિક્ષાને, અથવા

(ગ) ઉપર્યુકત આવા, દંડ, જપ્તી અથવા શિક્ષાનાં સંબધમાં કોઇ પણ તપાસ, કાનુની કાર્યવાહી અથવા ઇલાજને, બાધ આવશે નહિ.

અને આ અધિનિયમ પસાર કરવામાં આવ્યો ન હોત તો, આવી કોઇપણ તપાસ, કાનુની કાર્યવાહી અથવા ઇલાજ માંડી શકાશે, ચાલુ રાખી શકાશે અથવા અમલમાં લાવી શકાશે અને આવો કોઇપણ દંડ, જપ્તી અથવા શિક્ષા નાંખી શકાશે.

૨ સને ૧૯૫૮નાં મુંબઇનાં ૭૫મા અધિનિયમની કલમ ૩થી "મુંબઇ પ્રાંત" એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

**ટુંકી સંજ્ઞા , વ્યાપ્તિ અને આરંભ** ૧. (૧) આ અધિનિયમ મુંબઇ હોમગાર્ડ અધિનિયમ ૧૯૪૭ કહેવાશે.

૧[(૨) આ અધિનિયમ સમગ્ર ૨[ગુજરાત રાજયને] લાગુ પડે છે]

**સન ૧૯૫૮નો મુંબઇનો ૭૫મો**

**સન ૧૯૪૭નો મધ્યપ્રાંત અને વરાડનો ૧૫મો**

(૩) આ અધિનિયમ બૃહદ મુંબઇનાં વિસ્તારમાં અને મ્યુનિસિપલ બરો અને અમદાવાદની કેન્ટોનમેન્ટ હદોના બનેલા વિસ્તારમાં તરત જ અમલમાં આવશે.૩[મુંબઇ હોમગાર્ડ (વ્યાપ્તિ અને સુધારા)અધિનિયમ,૧૯૫૮નો આરંભ થાય તે તારીખથી ૪[મુંબઇ રાજયનાં] સમગ્ર સૈરાષ્ટ્ર વિસ્તારમાં અને વિદર્ભ પ્રદેશનાં વિસ્તારો,જેમાં મધ્યપ્રાંત અને વરાડનો હોમગાર્ડ અધિનિયમ, ૧૯૪૭ આવી તારીખથી તરત જ પહેલાં અમલમાં હતો તે વિસ્તારો માં તે અમલમાં આવશે.] ૫[રાજય] સરકાર, સરકારી રાજપત્રમાં જાહેરનામાંથી, તેમાં નિદિષ્ટ કરવામાં આવે તે તારીખે ૬[ ગુજરાત રાજયમાંના]બીજા કોઇપણ વિસ્તારમાં આ અધિનિયમ અમલમાં આવશે એમ ફરમાવી શકશે.

**હોમગાર્ડની રચના અને ૭ [કમાન્ડન્ટ જનરલ અને કમાન્ડન્ટ]ની નિમણુંક**

૨.(૧) કલમ ૧ની પેટા-કલમ(૩)માં નિદિષ્ટ કરેલા દરેક વિસ્તાર માટે અને સદરહું પેટા-કલમ(૩) હેઠળ જાહેર -નામામાં નિદિષ્ટ કરવામાં આવે તેવા દરેક વિસ્તાર માટે ૮[રાજય] સરકાર હોમગાર્ડ નામનું એક સ્વયંસેવક દળ રચશે, અને તેના સભ્યો આ અધિનિયમની જોગવાઇઓ અને તે હેઠળ કરેલા નિયમોને અનુસરીને લોક સંરક્ષણ,મિલકત રક્ષણ અને જાહેર સલામતી સંબધી તેમને સોંપવામાં આવે તેવા કાર્યો ૭[અને ફરજો] બજાવશે.

**સને ૧૯૫૮નો મુંબઇનો ૭૫મો**

૯((૧-ક) સૌરાષ્ટ્ર વિસ્તાર અને વિદર્ભ પ્રદેશનાં સંબંધમાં, મુંબઇ હોમગાર્ડ (વ્યાપ્તિ અને સુધારા) અધિનિયમ ,૧૯૫૮નો આરંભ થાય તેની તરત જ પહેલાં ઉભા કરેલા અથવા રચાયેલા હોમગાર્ડો પેટાકલમ-(૧) હેઠળ ઉભા કરેલા અથવા રચાયેલા ગણાશે)

(૨) ૮[રાજય]સરકાર પેટા-કલમ(૧) હેઠળ રચાયેલા દરેક હોમગાર્ડનો એક કમાન્ડન્ટ નીમશે.

૧૦[(૩) રાજય સરકાર હોમગાર્ડનો કમાન્ડન્ટ જનરલ પણ નીમશે અને ૧૧[ગુજરાત રાજય] ભરના હોમગાર્ડ ઉપર સામાન્ય દેખરેખ અને નિયંત્રણ રાખશે.]

**સભ્યોની નિમણુંક** ૧૨[૩.(૧) કમાન્ડન્ટ જનરલની મંજુરીને આધીન રહીને, કમાન્ડન્ટ, રાજય સરકાર વખતોવખત નકકી કરે તેટલી સંખ્યામાં, લાયક અને સેવા કરવાની ઇચ્છા ધરાવતી વ્યકિતઓને હોમગાર્ડનાં સભ્યો તરીકે નીમી શકશે. અને હોમગાર્ડનાં કમાન્ડ નીચેની કોઇ કચેરીમાં આવવા કોઇ સભ્યને નીમી શકશે.

---

૧. સન ૧૯૫૮નાં મુંબઇનાં ૭૫મા અધિનિયમની કલમ૪(૧) થી અસલને બદલે આ પેટા-કલમ મૂકી છે.

૨. ગુજરાત રાજય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ,૧૯૬૦ થી 'મુંબઇ રાજય' એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.

૩. સન ૧૯૫૮ નાં મુંબઇનાં ૭૫મા અધિનિયમની કલમ૪(૨) થી આ ભાગ દાખલ કર્યો છે.

૪. ગુજરાત રાજય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦ થી આ શબ્દોમાં ફેરફાર થતો નથી.

૫. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦થી "પાંતિક" એ શબ્દને બદલે આ શબ્દ મુકયો છે.

૬. ગુજરાત રાજય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦ થી આ શબ્દ દાખલ કર્યો છે.

૭. સન ૧૯૫૦નાં મુંબઇના ૧૧મા અધિનિયમની કલમ ૨(૧) થી આ શબ્દો દાખલ કર્યા છે.

૮. કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૫૦ થી 'પ્રાંતિક' એ શબ્દને બદલે આ શબ્દ મુકયો છે.

૯. સન ૧૯૫૮નાં મુબઇના ૭૫મા અધિનિયમની કલમ૫(૧) થી આ પેટા-કલમ દાખલ કરી છે

૧૦. સને ૧૯૫૦નાં મુંબઇનાં ૧૧મા અધિનિયમની કલમ૨(૨) થી આ પેટા-કલમ દાખલ કરી છે.

૧૧. ગુજરાત રાજય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦થી 'મુંબઇ રાજય ' એ શબ્દોને બદલે આ

શબ્દો મુકયો છે.

૧૨. સન ૧૯૫૦નાં મુંબઇનાં ૧૧મા અધિનિયમની કલમ ૩ થી અસલને બદલે કલમ ૩ મુકી છે.

(૨) પેટા-કલમ(૧)માં ગમે તે મજકુર હોય તે છતાં, કમાન્ડન્ટ જનરલ, રાજય સરકારની મંજુરીને આધીન રહીને, પોતાના તરતના અધિકાર હેઠળની કોઇપણ જગાએ એવા કોઇપણ સભ્ય નીમી શકશે.]

સન ૧૯૪૭ નો મધ્ય પ્રાંત અને વરાડનો ૧૫મો સને ૧૯૪૮નો સૌરાષ્ટ્ર વટ હુકમ ૧૭મો. સને ૧૯૫૮ નો. મુંબઇ નો ૭૫મો

૧[(૩) મધ્યપ્રાંત અને વરડાનો હોમગાર્ડ અધિનિયમ,૧૯૪૭ અથવા સૌરાષ્ટ્ર રાજય હોમગાર્ડ વટહુકમ, ૧૯૪૮ હેઠળ ઉભા કરેલા અથવા રચાયેલા હોમગાર્ડનો દરેક સભ્ય મુંબઇ હોમગાર્ડ(વ્યાપ્તિ અને સુધારા)અધિનિયમ, ૧૯૫૮નાં આરંભની તરત જ પહેલાં આ પેટા-કલમ હેઠળ નીમાયેલા ગણાશે અને તદ્નુસાર તેને આપવામાં આવેલો પહેરવેશ અને નિમણૂંકનું પ્રમાણપત્ર કાયદેસર ગણાશે.]

સભ્યોનાં કાર્યો અને ફરજો

૨[૪(૧) કમાન્ડન્ટ, હોમગાર્ડનો કોઇ સભ્યને કોઇપણ વખતે તાલીમ માટે અથવા આ અધિનિયમની જોગવાઇ ઓ અને તે હેઠળ કરેલા નિયમો અનુસાર હોમગાર્ડને સોંપવામાં આવેલાં કાર્યો અથવા ફરજો પૈકી કોઇપણ કાર્ય અથવા ફરજ બજાવવા માટે બોલાવી શકશે.

(૨) કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડનાં કોઇ સભ્યને કટોકટીમાં તાલીમ માટે અથવા ૩[ગુજરાત રાજયનાં] કોઇપણ ભાગમાં સદરહું કાર્યો પૈકી કોઇ કાર્ય અથવા ફરજો પૈકી ફરજ બજાવવા માટે બોલાવી શકશે.]

સતા, રક્ષણ અને નિયત્રંણ

૫. (૧) કલમ-૪ હેઠળ હોમગાર્ડના કોઇ સભ્યને બોલાવવામાં આવે ત્યારે તેને,તે વખતે અમલમાં હોય તેવા કોઇ પણ અધિનિયમ હેઠળ નિમાયેલા પોલીસ અધિકારીના જેવી જ સત્તા, વિશેષાધિકારો અને રક્ષણ મળશે.

(૨) હોમગાર્ડના સભ્ય તરીકેનાં કાર્યો ૪[અથવા ફરજો] બજાવતાં તેણે કરેલ અથવા કરેલું કહેવાતા કોઇપણ કૃત્યના સંબધમાં,૫(પોલીસ કમિશ્નર નીમવામાં આવ્યો હોય તેવા કોઇપણ વિસ્તારમાં)પોલીસ કમિશ્નરની અને બીજા સ્થળોએ જીલ્લા મેજિસ્ટ્રેટની અગાઉની મંજુરી મેળવ્યા સિવાય,તેની સામે કોઇ પણ ફોજદારી કામ માંડી શકાશે નહી.

પોલીસદળના અધિકારીઓનું નિયત્રંણ

૬. હોમગાર્ડના સભ્યોને કલમ ૪ હેઠળ પોલીસ દળને મદદ કરવામાટે બોલાવવામાં આવ્યા હોય,ત્યારે કલમ ૮ હેઠળ કરેલા નિયમોથી ઠરાવવામાં આવે તે રીતે અને તેટલે સુધી,તેઓ પોલીસદળનાં અધિકારી ઓનાં નિયત્રંણ હેઠળ રચાશે.

હોમગાર્ડનો સભ્ય હોદો બંધ થયેથી તે વ્યકિતએ પ્રમાણપત્ર, શસ્ત્રો વગેરે પાછાં સોપી દેવા બાબત.

૬[૬-ક(૧) કોઇ પણ કારણસર હોમગાર્ડનો સભ્ય હોતા બંધ થાય તેવી દરેક વ્યકિતએ, તેને એવા સભ્ય તરીકે આપવામાં આવેલ પોતાની નિમણૂંકનું અથવા હોદાનું પ્રમાણપત્ર, શસ્ત્રો, સાધનસામગ્રી, પોશાક,અને બીજી જરૂરીયાતની વસ્તુઓ, કમાન્ડન્ટને અથવા કમાન્ડન્ટ ફરમાવે તેવી વ્યકિતને અને તેવી જગાએ પાછી સોંપી દેવી જોઇશે.

સન ૧૮૯૮નો ૫ મો

(૨) કોઇપણ મેજીસ્ટ્રેટ અને લેખિત નોંધવામાં આવે તેવા ખાસ કારણસર ૫[જે કોઇ વિસ્તાર માટે પોલીસ કમિશ્નર નીમવામાં આવ્યા હોય તેવા વિસ્તારમાં]ડેપ્યુટી પોલીસ કમિશ્નરના દરજ્જાથી અને બીજે સ્થળે આસિસ્ટંટ અથવા ડેપ્યુટી પોલીસ સુપરિટેન્ડેન્ટનાં દરજ્જાથી ઉતરતા દરજ્જાનો ન હોય, તેવો કોઇ પોલીસ અધિકારી, આવી રીતે નહિ. સોંપાયેલ કોઇપણ પ્રમાણપત્ર શસ્ત્રો,સાધનસામગ્રી, કપડાં અને બીજી જરૂરીયાતની વસ્તુઓની તપાસ માટે અને જયાં મળે ત્યાંથી જપ્તકરવામાટે વોરંટ કાઢી શકશે.એવી રીતે કાઢવામાં આવેલું દરેક વોરંટ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ,૧૮૯૮ની જોગવાઇઓ અનુસાર,પોલીસ અધિકારીએ બજાવવુ જોઇશે અથવા જો વોરંટ કાઢનાર મેજીસ્ટ્રેટ અથવા પોલીસ અધિકારી એમ ફરમાવે બીજી કોઇ વ્યકિતએ બજાવવું જોઇશે.

---

૧. સન ૧૯૫૮નાં મુંબઇનાં ૭૫મા અધિનિયમની કલમ ૬થી આ પેટા-કલમ ઉમેરી છે.

૨. સન ૧૯૫૦નાં મુંબઇના ૧૧મા અધિનિયમની કલમ ૪થી અસલને બદલે કલમ ૪ મુકી છે.

૩. ગુજરાત રાજય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ,૧૯૬૦થી મુંબઇ રાજય એ શબ્દોને બદલે આ શબ્દો મુકયા છે.

૪. સન ૧૯૫૦નાં મુંબઇના ૧૧મા અધિનિયમની કલમ ૫ થી આ શબ્દો દાખલ કર્યો છે.

૫. ગુજરાત રાજય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ, ૧૯૬૦ થી બૃહદ મુંબઇમાં એ શબ્દોને બદલે આ શબ્દો મુકયા છે.

૬. સન ૧૯૫૦નાં મુંબઇના ૧૧મા અધિનિયમની કલમ૬થી કલમો ૬-ક અને ૬-ખ દાખલ કરી છે.

(૩) આ કલમમાંનો કોઇપણ મજકૂર, કોઇ વ્યકિતને આપેલી જે કોઇ વસ્તુ કમાન્ડન્ટ જનરલનાં હુકમો હેઠળ તે વ્યકિતની મિલકત થઇ ગઇ હોય, તે વસ્તુને લાગુ પડતુ નહિ.

**ફરજની બેદરકારી વગેરે માટે સભ્યોને શિક્ષા કરવા બાબત.**

૬-ખ(૧) પોતાના નિયંત્રણ નીચેનાં હોમગાર્ડના કોઇપણ સભ્ય યોગ્ય કારણ સિવાય, કલમ-૪ હેઠળ બોલાવવામાં આવે ત્યારે તે હુકમ પાળવામાં અથવા હોમગાર્ડનાં સભ્ય તરીકે પોતાનાં કાર્યો અને ફરજો બજાવવામાં અથવા તેના કાર્યો અને ફરજો બજાવવા માટે તેને આપવામાં આવેલ કોઇ કાયદેસર હુકમ અથવા નોટીસનું પાલન કરવામાં બેદરકારી બતાવે અથવા તેવુ પાલન કરવાનો ઇન્કાર કરે અથવા શિસ્તનાં ભંગ બદલ અથવા ગેરવર્તુણંક કર્યા બદલ દોષિત ઠર્યો હોય,તો કમાન્ડન્ટને તે સભ્યને ફરજમાંથી મોકુફ કરવાનો, તેને પાયરીમાંથી ઉતારવાનો, તેને બરતરફ કરવાનો અથવા પચાસ રૂપિયા સુધી દંડ કરવાનો અધિકારછે.૧[હોમગાર્ડના કોઇ સભ્યને ફોજદારી તહોમતદાર દોષિત ઠરાવે તેવા ગેરવર્તણુંકનાં કારણસર તે સભ્યને હોમગાર્ડમાંથી બરતરફ કરવાનો પણ કમાન્ડન્ટને અધિકાર રહેશે.] કમાન્ડન્ટ જનરલ ને પોતાના પ્રત્યક્ષ નિયત્રણ હેઠળની કોઇ જગા પર નિમણૂક કરેલ હોમગાર્ડનો કોઇ સભ્યની બાબતમાં પણ તેવો અધિકાર રહેશે.

૨(૧-ક) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, જો કમાન્ડન્ટનો એવો અભિપ્રાય હોય કે એવા સભ્યની સેવાની વધારે જરૂર લાગતી નથી, તો ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને હોમગાર્ડનાં કોઇપણ સભ્યને કોઇપણ વખતે બરતરફ કરવાનો અધિકાર છે. કમાન્ડન્ટ જનરલને તેના પ્રત્યક્ષ નિયંત્રણ હેઠળ હોદા ઉપર નિમાયેલા હોમગાર્ડનો કોઇપણ સભ્યનાં સંબધમાં પણ આવો અધિકારી રહેશે.)

(૨) કમાન્ડન્ટ જનરલ અથવા કમાન્ડન્ટ, જયારે પેટા-કલમ(૧) હેઠળ હોમગાર્ડના કોઇ સભ્યને ફરજમાંથી મોકુફ કરવાનો, તેને પાયરીમાંથી ઉતારવાનો, બરતરફ કરવાનો અથવા દંડ કરવાનો હુકમ કરે, ત્યારે તેણે આવો હુકમ લખવો અથવા લખાવવો જોઇશે અને તેનાં કારણો અને કરેલી તપાસની નોંધ પણ લખીને તે સાથે રાખવી જોઇશે અને કમાન્ડન્ટ જનરલને અથવા કમાન્ડન્ટે, સંબધિત વ્યકિતને પોતાનાં બચાવનાં જે કાંઇ કહેવું હોય તે કહેવાની તક આપવામાં આવે નહી ત્યાં સુધી આવો કોઇ હુકમ કરવો નહી.

(૩) કમાન્ડન્ટનાં હુકમથી નારાજ થયેલો હોમગાર્ડનો કોઇપણ સભ્ય એવા હુકમાની સામે કમાન્ડન્ટ જનરલે અને કમાન્ડન્ટ જનરલનાં હુકમથી નારાજ થયેલો આવો કોઇ સભ્ય એવા હુકમની સામે રાજય સરકારને, જે તારીખે તેને આવો હુકમની નોટીસ આપવામાં આવી હોય તે તારીખથી ૩૦ દિવસની અંદર અપીલ કરી શકશે. યથાપ્રસંગે, કમાન્ડન્ટ જનરલ અથવા રાજય સરકાર, પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે.

(૪) કમાન્ડન્ટ જનરલ,અથવા રાજય સરકાર, યથાપ્રસંગ, કમાન્ડન્ટે અથવા કમાન્ડન્ટ જનરલે કરેલા કોઇપણ હુકમનાં કાયદેસર પણા અથવા ઔચિત્યની બાબતમાં ખાતરી કરવા માટે અનુક્રમે પેટા-કલમ(૧)૩[અથવા(૧-ક)]હેઠળ કમાન્ડન્ટ અથવા કમાન્ડન્ટ જનરલે બહાર પાડેલા કોઇ હુકમની નોંધ કોઇપણ વખતે મંગાવીને તપાસી શકશે. અને પોતાને યોગ્ય લાગે તેમ હુકમ કરી શકશે.

(૫) જેના ઉપર આમાં આ પહેલાં જોગવાઇ કર્યા પ્રમાણે અપીલ કરવામાં આવી ન હોય તેવા દરેક હુકમ અને આ કલમ હેઠળ અપીલમાં અથવા ફેરતપાસમાં કરવામાં આવેલો દરેક હુકમ છેવટનો ગણાશે.

**સન ૧૮૯૮ નો ૫મો**

(૬) આ કલમ હેઠળ નાંખવામાં આવેલો કોઇપણ દંડ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ,૧૮૯૮માં કોર્ટે નાખેલા દંડોની વસુલાત માટે ઠરાવેલી રીત પ્રમાણે આ દંડ કોર્ટ નાખ્યો હોય તેમ, વસૂલ કરવામાં આવશે.

(૭) આ કલમ હેઠળ હોમગાર્ડનાં કોઇપણ સભ્યને કરવામાં આવેલી સજા, એવા સભ્યને કલમ-૭ હેઠળ અથવા જે તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા હેઠળ જે સજા તેને થઇ શકે તે ઉપરાંત ગણાશે.)

**શિક્ષા**

૭(૧) હોમગાર્ડનાં કોઇ સભ્યને કલમ ૪ હેઠળ બોલાવવામાં આવે, ત્યારે તે ૪[વાજબી-કારણ] વિના તેવા હુકમ માનવાની અથવા હોમગાર્ડનાં સભ્ય તરીકે પોતાની ફરજો અદા કરવાની અથવા પોતાની ફરજ બજાવવા માટે તેને જે કાંઇ કાયદેસર હુકમ કે નોટીસ આપવામાં આવે તે પાળવાની બેદરકારી બતાવે અથવા ના પાડે, તો તેને ગુનો સાબિત થયેથી ત્રણ મહીનાની મુદત સુધીની સાદી કેદની અથવા બસો પચાસ રૂપિયા સુધીનાં દંડની અથવા એ બન્ને સજા કરવામાં આવશે.

૧. સન ૧૯૫૪ નાં મુંબઇનાં ૪થા અધિનિયમની કલમ(૨)(૧) થી આ શબ્દો દાખલ કર્યા છે.
૨. એજનની કલમ ૨(૨) થી પેટા કલમ(૧-ક) દાખલ કરી છે.
૩. સને ૧૯૫૪નાં મુંબઇનાં ૪થા અધિનિયમની કલમ ૨(૩) થી આ શબ્દ, કૌસો, આંકડા અને અક્ષર દાખલ કર્યો છે.

૪. સન ૧૯૫૦નાં મુંબઇના ૧૧મા અધિનિયમની કલમ ૭(૧) થી પુરતા બહાના એ શબ્દોને બદલે આ શબ્દ મૂકયો છે.

૧[૧-ક) કલમ-૬-કની પેટા-કલમ(૧) ની જોગવાઇઓ અનુસાર હોમગાર્ડનો કોઇ સભ્ય પોતાની નિમણૂંકનું અથવા હોદાનું પ્રમાણપત્ર અથવા બીજી કોઇ વસ્તુ આપી દેવાની જાણીબૂઝીને બેદરકારી કરે અથવા ના પાડે, તો તેને ગુનો સાબિત થયેથી એક મહીના સુધીની કેદની અથવા એકસો રૂપિયા સુધીનાં દંડની અથવા એ બન્ને સજા કરવામાં આવશે.]

(૨) પેટા-કલમ(૧)૨[અથવા(૧-ક)]હેઠળની કોઇ પણ કાર્યવાહી કમાન્ડન્ટની પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય કરી શકાશે નહી.

(૩) પેટા-કલમ(૧)૩[અથવા(૧-ક)]હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરનાર કોઇ વ્યકિતને કોઇ પોલીસ અધિકારી વગર વોરંટે પકડી શકશે.

૮૪(રાજય)સરકાર નીચેના માટે આ અધિનયમ સાથે સુસંગત હોય તેવા નિયમો કરી શકશે. નિયમો.

૫[(ક) કલમ-૪ હેઠળ કમાન્ડન્ટને અને કમાન્ડન્ટ જનરલને સોપંવામાં આવેલી સત્તા હોમગાર્ડનાં કોઇપણ અધિકારીએ વાપરવાની જોગવાઇ કરવા માટે]

(ખ) પોલીસદળની મદદમાં કામ કરતા હોય ત્યારે હોમગાર્ડનાં સભ્યો ઉપર પોલીસદળનાં અધિકારીઓએ નિયંત્રણ કરવાની જોગવાઇ કરવા માટે

(ગ) હોમગાર્ડનાં સભ્યોની વ્યવસ્થા, નિમણૂંક, નોકરીની શરતો, ફરજો, શિસ્ત, શસ્ત્રો, સાધનસામગ્રી તથા પોશાકનું નિયમન કરવા માટે તથા તેમને કામ ઉપર બોલાવવાની રીત માટેઃ

(ઘ) આ અધિનિયમની કલમ ૫ હેઠળ વાપરવાની કોઇપણ સત્તા હોમગાર્ડનાં સભ્યોએ વાપરવા માટે નિયમન કરવા માટેઃ

(ચ) સામાન્ય રીતે આ અધિનિયમની જોગવાઇઓ અમલમાં લાવવા માટે

સને ૧૯૬૦ નો ૪૫ મો

હોમગાર્ડના સભ્યો રાજય સેવકો ગણાશે

૯. આ અધિનયમ હેઠળ કામ કરતા હોમગાર્ડનાં સભ્યો ભારતાનાં ફોજદારી અધિનિયમની કલમ ૨૧ ના અર્થ મુજબ રાજય સેવકો ગણાશે.

રાજય નાં વિધાનમંડળની અથવા સ્થાનિક મંડળોની ચુંટણીમાં ઉભા રહેવા માટે હોમગાર્ડ ગેરલાયક ગણાશેનહી.

૬[૯-ક.(૧) હોમગાર્ડનાં કોઇ સભ્યને તે હોમગાર્ડનો સભ્ય હોવાનાં કારણે જ ૭[ગુજરાત વિધાનસભા]નાં સભ્ય તરીકે પસંદગી પામવા માટે અને તેવો સભ્ય બનવા માટે ગેરલાયક ઠરાવી શકાશે નહિ.

(૨) તે સમયે અમલમાં હોય તેવા કાયદામાં વિરુધ્ધનો ગમે તે મજકૂર હોય તે છતાં, હોમગાર્ડનાં કોઇ સભ્યને, તે હોમગાર્ડનો સભ્ય હોવાના કારણે જ સ્થાનિક સત્તામંડળનાં સભ્ય તરીકે પસંદગી પામવા માટે અને તેવો સભ્ય બનવા માટે ગેરલાયક ઠરાવી શકાશે નહિ.]

રદ કરવા બાબત અને અપવાદ

૧૦. મુંબઇ હોમગાર્ડ વટહુકમ, ૧૯૪૬ આથી રદ કરવામાં આવે છે.

સને ૧૯૪૬ નો મુંબઇ વટહુકમ ૧લો.

પરંતુ સદરહું વટહુકમહેઠળ રચાયેલા હોમગાર્ડને આ અધિનિયમ હેઠળ રચાયેલ ગણવામાં આવશે. અને સદરહું વટહુકમ હેઠળ કરેલી અને આ અધિનિયમ અમલમાં આવ્યો તે પહેલા તરત જ અમલમાં હોય તેવી તમામ નિમણૂંકો અને તેવા નિયમો અમલમાં હોતા ચાલુ રહેશે. અને તે આ અધિનિયમ અનુસાર કરેલા ગણવામાં આવશે.

---

૧. સન ૧૯૫૦નાં મુંબઇનાં ૧૧માં અધિનિયમની કલમ૭(૨) થી પેટા-કલમ(૧-ક) દાખલ કરી છે.
૨. એજનની કલમ ૭(૩)થી ‘અથવા (૧-ક)’ એ શબ્દ કૌસો, આંકડાઅને અક્ષર ઉમેર્યા છે.
૩. એજનની કલમ૭(૪) થી ‘અથવા (૧-ક)’ એ શબ્દ કૌસો, આંકડાઅને અક્ષર ઉમેર્યા છે.
૪. કાયદા સુસંગતીકરણ હુકમ,૧૯૫૦ થી પ્રાંતિક એ શબ્દને બદલે આ શબ્દ મૂકયો છે.
૫. સન ૧૯૫૦નાં મુંબઇના ૧૧મા અધિનિયમની કલમ ૮ થી અસલને બદલે આ ખંડ મૂકયો છે.
૬. એજનની કલમ ૯ થી કલમ ૯-ક દાખલ કરી છે.
૭. ગુજરાત રાજય અને સમવર્તી વિષયોને લગતા કાયદા સુસંગતીકરણ હુકમ ૧૯૬૦ થી “મુંબઇ વિધાનસભા” અથવા “મુંબઇ વિધાન પરિષદ” એ શબ્દોને બદલે આ શબ્દો મૂકયા છે.